કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

સાપ્તાહિક
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૬ એપ્રિલ, ૨૦૨૫ રવિવાર
કિંમત રૂ.૨/-
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૧ વર્ષોથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ, અભિનંદન,જાહેર ખબરમાં સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

♦અંક નંબર : ૪૭♦વર્ષ : ૩૧ ♦પાના - ૮ ♦ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ♦Regd No. G-KCH - 184-2019-2021 ♦GUJGUJ/2008/25151♦ સંવત ૨૦૮૧ ♦ચૈત્ર સુદ-૯♦ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ♦ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ♦ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# રામ નવમીના ઉર્જાવાન ભારતના દર્શન : પીએમ

અયોધ્યા : દેશભરમાં રામ નવમી નો તહેવાર ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવી રહ્યો છે. રામ નવમી નિમિત્તે મંદિરોમાં ખાસ પૂજા અને આરતીઓ કરવામાં આવી રહી છે. સવારથી જ દેશભરના મંદિરોમાં દેવી માતાના ભક્તોની ભીડ જોવા મળી રહી છે. તે જ સમયે, ભગવાન રામના જન્મસ્થળ



અયોધ્યામાં, રામ નવમીના અવસર પર ભક્તોનો પ્રવાહ ઉમટ્યો છે.આજે રામ

## અયોધ્યામાં રામનવમીની ધૂમધામથી ઉજવણી: યૂપીના ૪૨ જિલ્લામાં એલર્ટ

### વડાપ્રધાનશ્રીએ દેશવાસીઓને રામનવમીની પાઠવી શુભકામના

મંદિર માં ભગવાન રામના સૂર્યતિલકની પૂજા કરવામાં આવશે.રામ નવમીને લઈને યુપીના ૪૨ જિલ્લાઓમાં એલર્ટ છે, તો પશ્ચિમ બંગાળમાં પણ તણાવ જોવા મળી રહ્યો છે. આજે વિવિધ સ્થળોએ શોભાયાત્રા કાઢવામાં આવશે. ઘણી જગ્યાએ, અમુક શરતો સાથે સરઘસ કાઢવાની પરવાનગી આપવામાં આવી છે. તે જ સમયે, પીએમ મોદીએ દેશવાસીઓને રામ નવમીની શુભકામનાઓ પાઠવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને રામ નવમીની શુભેચ્છા પાઠવી છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું - ભગવાન શ્રી રામની જન્મજયંતિનો આ પવિત્ર અવસર તમારા બધાના જીવનમાં નવી ચેતના અને નવો ઉત્સાહ લાવે, જે મજબૂત, સમૃદ્ધ અને સક્ષમ ભારતના સંકલ્પને સતત નવી ઉર્જા પ્રદાન કરશે. રામ નવમીના અવસર પર, અયોધ્યાના રામ જન્મભૂમિ મંદિરમાં ભક્તોનો પ્રવાહ ઉમટ્યો છે. પવિત્ર સ્નાન માટે ભક્તો સરયુ નદીના કિનારે પહોંચી રહ્યા છે.

## મને ગર્વ છે ભાજપના કાર્યકરો..BJPના સ્થાપના દિવસને લઇને બોલ્યા પીએમ મોદી

નવી દીલ્હી : આજે દેશની સૌથી મોટી પાર્ટી એટલે ભારતીય જનતા પાર્ટીનો સ્થાપના દિવસ છે. ત્યારે આ દિવસને લઈને પીએમ મોદી ભાજપ પાર્ટીના તમામ કાર્યકરોને શુભકામના પાઠવી હતી. તેમણે આ દિવસને લઈને એક ટ્વિટ કરતા જણાવ્યું હતું કે લોકો પાર્ટીનું સુશાસન એજન્ડા જોઈ રહ્યા છે. જે ગત વર્ષોમાં ઐતિહાસિત જનાદેશમાં પણ પ્રતિબિંબિત થાય છે, પછી ભલે તે લોકસભાની ચૂંટણીઓ હોય, વિવિધ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ હોય કે દેશભરમાં વિવિધ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ હોય.

અમારી સરકારો સમાજની સેવા કરવાનું અને સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવાનું ચાલુ રાખશે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરેલી શ્રેણીબદ્ધ પોસ્ટ્સમાં પીએમ મોદીએ કહ્યું કે બધા ભાજપ કાર્યકરોને પાર્ટીના સ્થાપના દિવસની શુભેચ્છાઓ. છેલ્લા કેટલાક દાયકાઓમાં આપણા પક્ષને મજબૂત બનાવવા માટે પોતાને સમર્પિત કરનારા બધાને આપણે યાદ કરીએ છીએ. પ્રધાનમંત્રીએ કહ્યું કે આ મહત્વપૂર્ણ દિવસ આપણને ભારતની પ્રગતિ માટે કામ કરવાની અને વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવાની આપણી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરાવે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે




અમારા બધા મહેનતુ કાર્યકરો, અમારા પક્ષના કરોડરજ્જુ, ને મારી શુભકામનાઓ, કારણ કે તેઓ પાયાના સ્તરે સક્રિયપણે કામ કરી રહ્યા છે અને અમારા સુશાસન એજન્ડાને આગળ ધપાવી રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે મને ગર્વ છે કે ભાજપના કાર્યકરો દેશના દરેક ભાગમાં ૨૪ કલાક કામ કરી રહ્યા છે અને ગરીબો, વંચિતો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોની સેવા કરી રહ્યા છે. તેમણે કહ્યું કે તેમની ઉર્જા અને ઉત્સાહ ખરેખર પ્રેરણાદાયક છે.

ઉલ્લેખનીય છે કે ભાજપની સ્થાપના ૧૯૮૦માં તત્કાલીન ભારતીય જનસંઘના નેતાઓ દ્વારા કરવામાં આવી હતી. ૧૯૮૪માં લડાયેલી પહેલી સામાન્ય ચૂંટણીમાં ભાજપે માત્ર બે લોકસભા બેઠકો જીતી હતી. જોકે પાછળથી અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણીના નેતૃત્વમાં તેણે ઝડપથી પ્રગતિ કરી અને ૯૦ના દાયકામાં ગઠબંધન સરકારો બનાવી. વર્ષ ૨૦૧૪ માં પીએમ મોદીના નેતૃત્વમાં ભાજપને પ્રચંડ બહુમતી મળી, ત્યારથી આ પાર્ટી સત્તાના કેન્દ્રમાં છે.

## કડી અને વિસાવદર વિધાનસભા બેઠક માટે ૧૫ જૂન પહેલા પેટા ચૂંટણી યોજાવાની શક્યતા : ચૂંટણી પંચે શરૂ કરી તૈયારી

(એજન્સી દ્વારા)

ગાંધીનગર : ગુજરાતમાં કડી અને વિસાવદર વિધાનસભા બેઠકો પર આગામી દિવસોમાં પેટા ચૂંટણી યોજાવાની શક્યતા વધી ગઈ છે. કેન્દ્રીય ચૂંટણી પંચે બંને બેઠકો માટે મતદાર યાદીમાં સુધારણા માટે કાર્યક્રમ જાહેર કર્યો છે, જે ૮ એપ્રિલથી શરૂ થઈ ૨૪ એપ્રિલ ૨૦૨૫ સુધી ચાલશે.આ પ્રક્રિયા બાદ ૫ મે સુધીમાં સુધારેલી મતદાર યાદી જાહેર થવાની છે, અને અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે ૧૫ જૂન પહેલા પેટા ચૂંટણી યોજાઈ શકે છે.કડી બેઠક ભાજપના ધારાસભ્ય કરસનભાઈ સોલંકીના નિધનના કારણે ફેબ્રુઆરી ૨૦૨૫માં ખાલી થઈ હતી. જ્યારે વિસાવદર બેઠક આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ભુપતભાઈ ભાયાણીના રાજીનામાને પગલે ખાલી પડી છે. તેઓએ ૨૦૨૩માં રાજીનામું આપ્યું હતું.૨૦૨૨ની ચૂંટણીમાં કોંગ્રેસના પાટીદાર નેતા હર્ષદ રીબડીયાએ વિસાવદર બેઠક જીતેલી. જોકે, થોડા સમયમાં તેઓ કોંગ્રેસ છોડીને ભાજપ માં જોડાઈ ગયા હતા. જેના જવાબમાં ભુપત ભાયાણીએ આમ આદમી પાર્ટીની ટિકિટે વિજય મેળવ્યો હતો. ત્યારબાદ રીબડીયાએ આ પરિણામને હાઈકોર્ટમાં પડકાર્યું હતું, જેના કારણે વિસાવદરની ચૂંટણી લંબાઈ હતી. હવે કાયદાકીય વિવાદ નિપટતાં ચૂંટણીનો રસ્તો ખુલ્યો છે.૨૦૨૨ બાદ રાજ્યમાં ખંભાત, વિજાપુર, વાઘોડિયા, પોરબંદર, માણાવદર અને નવેમ્બર ૨૦૨૪માં વાવ બેઠક માટે પણ પેટા ચૂંટણી થઈ ચૂકી છે. તે સમયે વિસાવદરની મામલે કોર્ટ કેસ પેન્ડિંગ હોવાથી ચૂંટણી થઈ શકી નહોતી. હવે કડી અને વિસાવદર બંને માટે ચૂંટણી યોજવાની તયારી શરૂ થઈ ગઈ છે.આ બંને બેઠકો માટે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપક્ષીય સ્પર્ધાની સંભાવના છે. જેના કારણે ચૂંટણી રોમાંચક રહેવાની શક્યતા છે. હવે સૌની નજર ચૂંટણી પંચની આગલી જાહેરાત પર ટકી છે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
રામનવમી એવમ ઓધવરામજી મહારાજના ૧૩૬માં પ્રાગટ્ય મહોત્સવના પાવનપર્વની કચ્છઉદય પરીવાર તરફથી સૌને હાર્દિક શુભકામના...!
- વ્યવસ્થાપક
કચ્છઉદય

## ગુજરાતમાં રામનવમીની ઉજવણી: રાજકોટમાં રામલલ્લાનો રથ : વડોદરામાં 33 યાત્રા : અમદાવાદમાં સુરક્ષા ચુસ્ત

ગાંધીનગર : ગુજરાતભરમાં રામનવમીના પાવન પર્વે ભક્તિભાવથી શોભાયાત્રાઓનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટ, વડોદરા અને અમદાવાદમાં હજારો શ્રદ્ધાળુઓએ રામલલાની ભવ્ય રથયાત્રામાં જોડાઈને ભગવાન શ્રીરામના જન્મોત્સવની ઉજવણી કરી. આ તહેવાર માત્ર ધાર્મિક શક્તિનું નહિ



પણ સામાજિક એકતાનું પણ પ્રતિબિંબ બન્યું. રાજકોટ શહેરમાં રામનવમી નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ અને રાધે શ્યામ ગૌ શાળાના સહયોગથી વિશાળ શોભાયાત્રાનું આયોજન થયું. રથયાત્રામાં અયોધ્યામાં બિરાજતા રામલલાની પ્રતિમાનો રથ મુખ્ય આકર્ષણ રહ્યું. નાણાવટી ચોકથી શરૂ થયેલી યાત્રા કાલાવડ રોડ અને ગોંડલ રોડ સહિત અનેક મુખ્ય માર્ગોથી પસાર થઈ. ૧૫થી વધુ ભવ્ય ફ્લોટ્સ સાથે નીકળી આવેલી આ યાત્રામાં શેષનાગ પર બિરાજતા રામ, હનુમાનજી, શ્રી કૃષ્ણ અને શિવજીના પાત્રોને પ્રસ્તુત કરતા ઝાંખી જોવા મળ્યા. ત્રણ હજારથી વધુ ભક્તોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વડોદરા શહેરમાં વિવિધ વિસ્તારોમાંથી કુલ ૩૩ શોભાયાત્રા યોજાઈ. મુખ્યમાટે ફતેગંજ, રાવપુરા, કારેલીબાગ, ગોત્રી, માંજલપુર સહિતના

અનુસંધાન પાના નં.૪ પર

## અમદાવાદમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશન માટે ભવ્ય તૈયારી : ૩૫ હોટલો બુક : ૫૦૦ કાર અને ૪ AC વોલ્વો બસથી ડેલિગેટ્સની વ્યવસ્થા

ગાંધીનગર : આવતી ૮ અને ૯ એપ્રિલે અમદાવાદમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું મહત્ત્વપૂર્ણ અધિવેશન યોજાવાનું છે. દેશભરમાંથી ૧,૮૪૦થી વધુ ડેલિગેટ્સ આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે આવી રહ્યા છે.તેમને રહેવા, ભોજન, પરિવહન અને માર્ગદર્શન જેવી દરેક સુવિધા માટે કોંગ્રેસ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે.



અમદાવાદ અને આસપાસના વિસ્તારમાં ૩૫ જેટલી હોટલોમાં કુલ ૧,૮૦૦થી વધુ રૂમ બુક કરવામાં આવ્યા છે. તમામ ડેલિગેટ્સ માટે એરપોર્ટ અને રેલવે સ્ટેશન પરથી હોટલ સુધી અને ત્યાંથી કાર્યક્રમ સ્થળ સુધી પહોંચવા માટે ખાસ વાહન વ્યવસ્થા પણ ગોઠવાઈ છે.

ડેલિગેટ્સના ટ્રાવેલ માટે ૪ AC વોલ્વો બસ, ૨૫ મિની બસ અને ૫૦૦ ખાનગી કાર તૈયાર રાખવામાં આવી છે. ખાસ કરીને ઝઉઝના ૧૬૯ સભ્યો માટે ખાસ AC વોલ્વો બસમાં મુસાફરીનું આયોજન કરાયું છે.ડેલિગેટ્સની સહાય માટે યુથ કોંગ્રેસ અને NSUIના કાર્યકરો વોલન્ટિયર તરીકે કાર્ય કરશે. ૫૦૦

અનુસંધાન પાના નં.૪ પર

## આજે ભાજપનો ૪૫મો સ્થાપના દિવસ : સૌથી મોટી રાજકીય-પાર્ટી



(એજન્સી દ્વારા)

ગાંધીનગર : આજે BJPનો ૪૫મો સ્થાપના દિવસ છે,ત્યારે સુરતમાં ભાજપના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી,જેમાં કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ રહ્યા ઉપસ્થિત રહ્યા હતા તેમણે આજના દિવસને પાર્ટીના કાર્યકર્તા માટે આનંદ અને ગર્વ લેવાનો દિવસ ગણાવ્યો છે,સાથે જ કહ્યું કે વિશ્વમાં સૌથી મોટી પાર્ટી BJP પાર્ટી છે,સત્તા મેળવી લોકોની સેવા કેવી રીતે કરવી તેનું ઉદાહણ પૂરું પાડતી પાર્ટી એટલે BJP.

BJPનો કાર્યકર્તા પેહલા દેશને મહત્વ આપે છે પછી પાર્ટીને મહત્વ આપે છે અને છેલ્લે પોતાને મહત્વ આપે છે,આજે ભાજપના સ્થાપના દિવસે આખા ગુજરાતમાં ૨૫ લાખ જેટલા ઝંડા વિતરણ કરવામાં આવ્યા છે,ભાજપ માં BJPના ઝંડાનું તિરંગા જેટલું જ મહત્વ છે.તો સુરતની સાથે સાથે રાજકોટમાં ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાયો હચો,કેન્દ્રીયમંત્રી મનસુખ માંડવીયાએ ધ્વજ લહેરાવ્યો હતો,રાજકોટ શહેર ભાજપ પ્રમુખના ઘરે ધ્વજ લહેરાવ્યો અને ભાજપ ના સ્થાપના દિવસ અને રામનવમીની આપી શુભેચ્છા.

મૂળ ભારતીય જનસંઘથી આરંભાયેલી વિચારસરણી ૧૯૮૦માં ભારતીય જનતા પાર્ટીમાં પરિણમી. ભાજપનું શાસન છેલ્લી ત્રણ ટર્મથી કેન્દ્રમાં અને ૧૯૯૫થી ગુજરાતમાં અવિરત રહ્યું છે. ભાજપની સ્થાપના પછી ભાજપને દેશવ્યાપી રાજકીય બનાવવામાં વાજપેયી અને અડવાણીનો સિંહફાળો છે. હાલ ભાજપના મજબૂત આધાર તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જ માનવામાં આવે છે. ભાજપના ઈતિહાસમાં મહત્વનું પરિબળ હિંદુત્વ અને હિંદુ હિતનો મુદ્દો રહ્યા છે.

૧૯૮૦ની ૬, એપ્રિલના રોજ ભાજપની મુંબઈમાં સ્થાપના થઈ. જેમાં ભાજપે રાષ્ટ્રવાદ, રાષ્ટ્રીય એકતા, લોકશાહી અને મૂલ્યનિષ્ઠ રાજનીતિને પોતાના એજન્ડા બનાવ્યા હતા. સ્થાપના બાદ ૧૯૮૪માં લોકસભા ચૂંટણીમાં ભાજપે માત્ર બે બેઠકો જીતી હતી. જેમાં ગુજરાતની મહેસાણા લોકસભા બેઠક પરથી એ.કે.પટેલનો વિજય થયો હતો. ૧૯૮૬માં લાલ કૃષ્ણ અડવાણી પક્ષના અધ્યક્ષ બન્યા. સ્થાપનાના ૯ વર્ષ બાદ ભાજપે ૧૯૮૯ની લોકસભા ચૂંટણીમાં ૮૯ બેઠકો જીતીને રાષ્ટ્રીય પાર્ટી તરીકે કાઠું કાઢ્યું. ભાજપે ૧૯૮૯માં વી. પી. સિંહના જનતા દળને સમર્થન આપી ગઠબંધન રાજનીતિની શરૂઆત કરી હતી.

## પીએમ મોદીની મુલાકાત બાદ બાંગ્લાદેશનું વલણ બદલાયુ : હવે હિન્દુઓની સુરક્ષા માટે સેના ઉતારવામાં આવી

નવી દીલ્હી : તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ થાઈલેન્ડની મુલાકાત લીધી હતી, જ્યાં તેઓ બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસને મળ્યા હતા.

આ બેઠક દરમિયાન પીએમ મોદીએ બાંગ્લાદેશમાં હિન્દુઓની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો. હવે તેની અસર પણ દેખાવા લાગી છે. રામ નવમી અને દુર્ગા પૂજાના અવસર પર પાડોશી દેશમાં હિન્દુઓ માટે સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી હતી, જેથી હિન્દુઓને પૂજા કરવામાં કોઈ મુશ્કેલી ન પડે.બાંગ્લાદેશના વિવિધ વિસ્તારોમાં મહાઅષ્ટમી, બસંતી પૂજા અને પુણ્યસ્નાન



નિમિત્તે ધાર્મિક વિધિઓ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ. આ પ્રસંગે લાખો શ્રદ્ધાળુઓએ હાજરી આપી હતી અને બાંગ્લાદેશ સેનાએ પૂજા મંડપ, સ્નાનઘાટ અને અન્ય મહત્વપૂર્ણ ધાર્મિક સ્થળોએ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સક્રિયપણે પોતાની ફરજો બજાવી હતી.બાંગ્લાદેશ સેનાએ પૂજા કાર્યક્રમો દરમિયાન સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવી હતી. સેનાએ દેશભરમાં વિવિધ મહત્વપૂર્ણ સ્થળોએ ૨૪ કલાક પેટ્રોલિંગ અને દેખરેખની વ્યવસ્થા કરી.

## તિકડમ ! - દેવેન વ્યાસ



**પિતાજી, જો તમે મારી બા સાથે ઝગડો કરશો તો હું તેને લઈ નાનાને ઘેર જતો રહીશ!**

## ગરમીના કારણે જિલ્લા શિક્ષણાધિકારી શાળાના સમયમાં કરી શકશે ફેરફાર :પ્રફુલ પાનશેરીયા

ગાંધીનગર : હીટવેવ સંદર્ભે માહિતી આપતા શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું કે, રાજ્યના બાળકોનો હિત રાજ્ય સરકાર માટે સર્વોપરી છે, પ્રાથમિક શાળાના બાળકો સાયલન્ટ ડિઝાસ્ટર "હીટવેવ"નો શિકાર ન થાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં "હીટવેવ" સંદર્ભે પ્રાથમિક વિભાગની શાળાઓ માટે એક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.વધુમાં મંત્રીએ જણાવ્યું કે, ગુજરાતના તમામ જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણાધિકારી ગરમીનું પ્રમાણ જોઈને શાળાના સમયમાં ફેરફાર કરી શકશે, તેમને રાજ્ય સરકાર પાસે કોઈ પણ પ્રકાર મંજૂરી મેળવવાની રહેશે નહિ.



શાળામાં વિદ્યાર્થીઓ પ્રાર્થના બાદ ઉનાળાના સમયગાળા દરમિયાન મેદાનમાં ખેલકૂદની પ્રવૃતિઓ કરી શકશે નહિ. ઉનાળાની ગરમીમાં શિક્ષકોએ વિદ્યાર્થીઓ સમયસર પાણી પીવે તે તેમને યાદ કરાવવાનું રહેશે. રાજ્યના નાગરીકોએ હીટવેવથી ડરવાની નહિ પણ, જાગૃતિ સાથે પોતાના બાળકની કાળજી રાખવાની જરૂર છે.

## હિંસાના ૧૧ મહિના બાદ પહેલીવાર મણિપુરમાં કૂકી અને મૈતેઈ વચ્ચે શાંતિ માટે બેઠક યોજાઈ

(એજન્સી દ્વારા)

મણિપુર : મણિપુરમાં હિંસા ફાટી નીકળી તે બાદ પ્રથમ વખત મૈતેઇ અને કૂકી સમાજના લોકોના પ્રતિનિધિઓ વચ્ચે બેઠક મળી હતી. આ બન્ને સમાજના લોકો વચ્ચે જ હિંસા ફાટી નીકળી હતી હવે જ્યારે શાંતિ માટેના પ્રયાસો થઇ રહ્યા છે ત્યારે સમાજના પ્રતિનિધિઓ દ્વારા બેઠક યોજીને વાટાઘાટો કરાઇ હતી.મે ૨૦૨૩ થી મણિપુરમાં હિંસા ફાટી નીકળી હતી જેમાં ૨૫૦થી વધુ લોકો માર્યા ગયા છે અને હજારો લોકો વિસ્થાપિત થઈને રાહત કેમ્પોમાં રહેવા માટે મજબુર છે. હિંસાની આ સ્થિતિ વચ્ચે પ્રથમ વખત મૈતેઇ અને કૂકી સમાજના આગેવાનો શાંતિ સ્થાપવા આગળ આવ્યા છે. દિલ્હીમાં ગૃહ મંત્રાલયની છત્રછાયા હેઠળ આ બેઠક યોજાઇ હતી જે આશરે પાંચ કલાક સુધી ચાલી હતી.

સુત્રોએ જણાવ્યું હતુ કે શાંતિ સ્થાપિત કરવાના કેન્દ્ર સરકારના પ્રયાસોના ભાગરૂપે આ બેઠક યોજાઇ હતી, જેમાં મૈતેઇ અને કૂકી સમાજના લોકોએ મળીને મણિપુરમાં શાંતિ સ્થાપિત કરવા માટેના રોડ મેપ પર ચર્ચા કરી હતી. આ ઉપરાંત રાજ્યમાં કાયદો વ્યવસ્થા પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં મૈતેઇના છ સભ્યોના ડેલિગેશનમાં ઓલ મણિપુર યુનાઇટેડ ક્લબ્સ ઓર્ગેનાઇઝેશન અને ફેડરલ ઓફ સિવિલ સોસાયટી ઓર્ગેનાઇઝેશન પણ જોડાયું હતું.

જ્યારે કૂકી ઝો કાઉન્સિલ (કૂકી સંગઠનોનું એક સમૂહ)ના ડેલિગેશનમાં નવ સભ્યો સામેલ થયા હતા. હિંસા ફાટી નીકળી તે પછી આવી કોઇ જ બેઠક યોજાઇ નહોતી. આ પહેલા કેન્દ્ર સરકાર દ્વારા તમામ સમાજના ધારાસભ્યોની બેઠકનો પ્રયાસ કર્યો હતો જોકે તેમાં કોઇ નિરાકરણ નહોતુ આવ્યું.

## કર્ણાટક કોંગ્રેસમાં ફરી ખટપટ

નવીદિલ્હી : કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ કમિટીના અધ્યક્ષ ડી. કે. શિવકુમારે પોતાના પદથી રાજીનામું આપવાનો સાફ ઈક્રાર કરી દીધો છે. આ સાથે જ કર્ણાટક કોંગ્રેસમાં આંતરિક સંઘર્ષ પણ વધી રહ્યો છે. જો કે, દિલ્હીમાં પાર્ટી હાઈકમાન્ડે હાલ તેમના આ નિર્ણયના સમર્થનનો સંકેત આપ્યો છે. જણાવી દઈએ કે, ડી. કે શિવકુમાર દિલ્હીની બે દિવસીય યાત્રા બાદ બેંગલુરૂ પરત ફર્યા છે. તેમણે પાર્ટી હાઈકમાન્ડને સ્પષ્ટ કહી દીધું કે, 'જ્યાં સુધી મને મુખ્યમંત્રી બનવાનું આશ્વાસન નહીં મળે ત્યાં સુધી હું પદ નહીં છોડું.'

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, હાઈકમાન્ડે ડી. કે શિવકુમારને તેમના પદથી દૂર કરવાની માંગ કરી રહેલા મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને તેમના મંત્રીમંડળના વફાદારોને સૂચિત કર્યું છે કે, પ્રદેશ અધ્યક્ષનો બદલાવ આગામી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી પહેલા નહીં લેવાય. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે, ડી.કે શિવકુમારનું KPCC અધ્યક્ષ પદ પર રહેવાનો નિર્ણય મુખ્યમંત્રી બનવાની

અનુસંધાન પાના નં.૪ પર

## માટીપગા તંત્રની બલીહારી? પ્રજા ત્રાહીમામ..!

# અંજારમાં કળશ સર્કલથી સત્તાપર ફાટક સુધી આજે સવારથી ફરી બે કલાકનો ટ્રાફિક જામ?





**ટ્રેઈન-રેલવે ફાટકના લીધે અવાર નવાર અહી સર્જાતી ટ્રાફીક જામની સમસ્યાથી કોણ અને ક્યારે અપાવશે છુટકારો? રામનવમીના પવિત્ર તહેવાર નિમિત્તે અંજાર શહેરનો પ્રવેશદ્વાર સમાન માર્ગ ટ્રાફિકની પીડાથી રહ્યો ત્રસ્ત**

**ટ્રાફીક પોલીસની ગેરહાજરી વધુ એક વખત સુચક બની : ટીઆરબી જવાનોની સેવા આવા ટ્રાફિક જામમા કેમ નથી લેવાતી? પાંચ -આઠ ટીઆરબી જવાનોને આ ટ્રાફિક જામ ન સર્જાય તે માટે આ વિસ્તારમાં કેમ નિયુકત કરવામા નથી આવતા? કળશ સર્કલ જેવા મોક્કાના અન્ય ચાર ચોકડીઓ પર અમુક ટીઆરબી જવાનો મોબાઈલમાં જ વ્યસ્ત જોવા મળી આવતા હોય છે, તો વળી અમુક ઝાડના છાયડામામાં જ ટોળા વાળીને બેઠા હોવાની ઉઠતી હોય છે ફરીયાદ**

ગાંધીધામ : પૂર્વ કચ્છના અંજાર શહેરમાં પાછલા કેટલાક સમયથી સતત ટ્રાફીક જામની સમસયા એક છેવાડો દર અઠવાડીયો બેથીત્રણ દીવસ માથાના દુખાવા રૂપ અવસ્થા ઉભી કરી દે છે. જેના લીધે અંજારની સ્થાનિક પ્રજા, અંજાર આસપાસના ગામોમાં આ વિસ્તારમાંથી આવતી પ્રજા ત્રાહીમામ પોકારી ઉઠી છે પરંતુ મજાની વાત અહીએ છે કે, તંત્રના પેટનું પાણી પણ અહી હાલતું જ ન હોય તેમ પુનરાવર્તિત રીતેપ્રજાને આ સમસ્યા બાનમાં લેતી રહે છે. અંજારને ગાંધીધામ-ભુજ-ભચાઉ-મુંદરા સહિત ઠેર ઠેર જોડતા મહત્વના આ માર્ગ પર ટ્રાફિક સમસ્યાનુ કાયમી નિરાકરણ લાવવુ હવે જરૂરી બની જવા પામ્યુ છે.

જાણવા મળતી વધુ વિગતો અનુસાર આજ રોજ ફરીથી સવારથી સત્તાપર ફાટક પાસેથી ટ્રેન અથવા તો કોઈ ઈન્જીન પસાર થવા પામતા અંજારના કળશ સર્કલથી સત્તાપર ફાટક સુધી બે કલાકથી વધુન ટ્રાફીક જામ સર્જાઈ જવા પામ્યો હતો. બેથીત્રણ કીમી લાંબો વહનોના થપ્પેથપ્પા આજે લાગી જવા પામતા પ્રજાજનો અને અહીથી પસાર થનારાઓ હેરાન પરેશાન થવા પામી ગયા હતા. આટલા લાંબા ટ્રાફિક જામના લીધે મોટરીંગ પબ્લીક સહિત અંજારમાં બજારોમાં આવતી આસપાસના ગામની પ્રજા પણ બાનમાં આવી જવા પામી હતી. આ રૂટીન સમસ્યામાં આજના દીવસે પણ ટ્રાફીક પોલીસની ગેરહાજરી લોકોને માટે ટકોનુ કારણ બની જવા પામ્યુ હતુ.જો ટ્રાફિક પોલીસ અને તેમની સાથે ટીઆરબી જવાનોની મદદ લઈ અનેઆ ટ્રાફીક જામને હળવા કરવાનો પ્રયાસ કરતા જોવાયા હોત તો કદાચ સમસયા બે કલાક જેટલી લાંબી થવા પામી ન હોત. નોધનીય છે કે આ પહેલા પણ દસ-પંદર દીવસ પહેલાઆથીય વિશેષ મોટો ટ્રાફિક જામ સર્જાયો હતો જે અંજાર પાવર હાઉસ સુધી વાહોનીની લાંબી લાઈનો લાગી જવા પામી હતી. ટ્રાફિક પોલીસે આવી સમસ્યાઓ વખત ટીઆરબી જવાનોને અહી કામે લગાડવા સહિતનીપહેલ હવે કરી જ દેખાડવી જોઈએ. રેલવે ફાટકની સમસ્યાના લીધે આ ટ્રાફીક જામ સર્જાતો હોવાની સ્થિતી બનતી રહે છે. તેનો ઉકેલ લાવવો ખુબજ જરૂરી બની રહ્યો છે.

# ગાંધીધામ સંકુલ બન્યું રામમય : રામનવમીની હર્ષોલ્લાસભેર ઉજવણી

**બપોરે ૧૨ના ટકોરે ભગવાન શ્રીરામનો જન્મોત્સવ ભક્તિભાવ પૂર્વક ઉજવાયો : મર્યાદા પુરૂસોત્તમ શ્રીરામના જયઘોષથી સમગ્ર સંકુલ ગાજી ઉઠ્યું**




ગાંધીધામ : આજે ચૈત્ર સુદ નોમ, રામનવમીની ગાંધીધામમાં ભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવી છે. મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામના જન્મોત્સવ નિમિત્તે આજે સમગ્ર ગાંધીધામ સંકુલ રામમય બન્યું હતું. આજે વહેલી સવારથી જ શહેરમાં રામનવમીની ઉજવણીનો થનગનાટ રામભક્તોમાં જોવા મળ્યો હતો.

ગાંધીધામ રામ સેના, સનાતન શ્રીરામ સેના અને નારાયણેશ્વર મહાદેવ સેવા ટ્રસ્ટના ઉપક્રમે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. બપોરે ૧૨ કલાકે ભગવાન શ્રીરામનો જન્મોત્સવ ઉજવાયો હતો. મર્યાદા પુરૂષોત્તમ રામના જયઘોષથી સમગ્ર સંકુલ ગાજી ઉઠ્યું હતું. ત્યારબાદ પ્રભુ પ્રસાદનો મોટી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો.

આજે સાંજે શહેરના ભારતનગરમાં આવેલ આશાપુરા મંદિરથી શ્રીરામ સેનાના ઉપક્રમે ભવ્ય રથયાત્રા નીકળશે. આશાપુરા મંદિરથી લીલાશાહ નગર, મુખ્ય બજારની પરિક્રમા કરી લીલાશાહ નગરના નારાયણેશ્વર મહાદેવ મંદિરે રથયાત્રા વિરામ લેશે. સાંજે ૭:૧૫ કલાકે સંગીતમય મહાઆરતીનું આયોજન કરાયું છે. ભગવાન રામનો જન્મોત્સવ ઉજવવા ગાંધીધામવાસીઓમાં ભારે ઉત્સાહ છલકાઈ રહ્યો છે.

# ભગવાન સૂર્યએ રામલલાના કપાળ પર તિલક લગાવ્યું: ભવ્ય રીતે શણગારવામાં આવી રામનગરીને



(એજન્સી દ્વારા) નવી દીલ્હી :રામનગરીમાં ચારે બાજુ રામલલાની જન્મજયંતીની ખુશીનો માહોલ છે. ફક્ત અયોધ્યાના લોકો જ નહીં પરંતુ સમગ્ર રાજ્ય અને દેશના લોકો આ તહેવારની ઉજવણી કરવા માટે ઉત્સુક છે. આજે સવારથી રામ મંદિર સંકુલમાં વિવિધ કાર્યક્રમો શરૂ થઈ ગયા છે. બપોરે બરાબર ૧૨ વાગ્યે, ભગવાન સૂર્યએ રામલલાના કપાળ પર તિલક લગાવ્યું. આ પ્રસંગને જોવા માટે દેશમાંથી જ નહીં પણ વિદેશથી પણ શ્રદ્ધાળુઓ પહોંચ્યા છે.ડ્રોનનો ઉપયોગ કરીને સરયુના પવિત્ર જળનો વરસાદ શ્રદ્ધાળુઓ પર કરવામાં આવ્યો હતો. રામનગરીમાં ભક્તોની કતારો લાગેલી છે.

સૂર્યના કિરણો મંદિરના ઉપરના ભાગમાં મૂકેલા અરીસા પર પડ્યા. અહીંથી તે પ્રતિબિંબિત થયું અને પિત્તળના પાઈપ સુધી પહોંચ્યું. પાઈપમાં ફીટ કરેલા અરીસા સાથે અથડાયા પછી કિરણો ૯૦ ડિગ્રીના ખૂણા પર વળેલા હતા. એક ઊભી પિત્તળની પાઈપમાં ફીટ કરેલા ત્રણ લેન્સમાંથી કિરણો નીકળ્યા અને ગર્ભગૃહમાં મૂકેલા અરીસા પર પડ્યા. અહીંથી, ૯૦ ડિગ્રીનો ખૂણો બનાવીને, રામ લલ્લાના કપાળને સજાવવા માટે ૭૫ મીમીના ચિહ્નનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

રામનગરી પહોંચેલા ભક્તોએ સરયુમાં પવિત્ર ડૂબકી લગાવીને પુણ્યનો લાભ મેળવ્યો. આ પછી તેમણે હનુમાન ગઢી અને રામલલા તેમજ અન્ય વિવિધ મંદિરોની મુલાકાત લીધી.

રામ મંદિરમાં ભક્તોની લાંબી કતાર છે. લોકો ભગવાનના દર્શનની એક ઝલક મેળવવા માટે ઉત્સુક છે. મંદિરમાં ભીડ નિયંત્રણ માટે વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રદ્ધાળુઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તેની ખાસ કાળજી લેવામાં આવી રહી છે.

## કચ્છી વિશા ઓસવાળ જૈન સેવા સમાજ દ્વારા નવકાર મહામંત્ર

ભચાઉ : ૯મી એપ્રિલે સમૂહ નવકાર જાપનું આયોજન જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (જીતો) દ્વારા સવારે ૮.૦૧ વાગ્યાથી ૯:૩૬ વાગ્યા સુધી રાખેલ છે. આ અવસર પર વિશ્વ નવકાર મહામંત્ર દિવસ નિમિતે સામૂહિક નવકાર જાપનું આયોજન કચ્છી વિશા ઓસવાળ જૈન સેવા સમાજ કુરલા (કુરલા સમાજવાડી), એલબીએસ વેસ્ટ મુંબઈમાં રાખેલ છે. જેને સકળ સંઘના દરેક ભાઈઓ - બહેનોને જોડાવા ક.વી.ઓ. જૈન સેવા સમાજ કુરલાના પ્રમુખ વિરચંદ મુરજી વિસરિયાએ જણાવ્યું છે.

## પહેલા પાનાથી...

**ગુજરાતમાં રામનવમીની**

વિસ્તારોમાંથી ભક્તિ યાત્રાઓ નીકળી. પોલીસ વિભાગે શહેરમાં સુરક્ષા માટે ૨૫૦૦થી વધુ જવાનોને તૈનાત કર્યા હતા. વિવિધ પોલીસ મથકો, જીઈ કંપનીઓ, હોમગાર્ડ તેમજ ખાસ ફોર્સ સાથે મળીને ચુસ્ત વ્યવસ્થા ગોઠવાઈ હતી. શાંતિ જળવાઈ રહે તે માટે માર્ગ પર ટ્રાફિક નિયંત્રણ અને પાર્કિંગ પ્રતિબંધ પણ અમલમાં મૂકાયો.

અમદાવાદમાં રામનવમીની ઉજવણી એક વિશેષ સંદર્ભમાં જોવા મળી. વકફ બિલના વિરોધ વચ્ચે આ વર્ષે રામનવમીના દિવસ એક સંવેદનશીલ પ્રસંગ બન્યો હતો. શહેરમાં ૨૦ હજારથી વધુ લોકોની હાજરી સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી. પોલીસ વિભાગે અહીં પણ સઘન વ્યવસ્થા ગોઠવી હતી - જેમાં ૧ SRP ટુકડી, ૨ DCP, ૧૫ PI અને એડિશનલ પોલીસ કમિશનરની હાજરી રહી. ૨૩ જેટલી નાની-મોટી યાત્રાઓ માટે મંજૂરી આપવામાં આવી હતી.ગુજરાતના ત્રણેય મોટા શહેરોમાં રામનવમીની ઉજવણી માત્ર ધાર્મિક અર્થે નહીં પરંતુ સંસ્કૃતિ, ભક્તિ અને સામાજિક સમરસતાનું પ્રતિબિંબ બની.

**અમદાવાદમાં કોંગ્રેસના**

જેટલા કાર્યકરો હોટલો, કાર્યક્રમ સ્થળ અને મુસાફરી દરમિયાન મદદરૂપ રહેશે. તેઓ સફેદ ટી-શર્ટમાં ઓળખાય તેમ હાજર રહેશે અને સતત ડેલિગેટ્સ સાથે સંપર્કમાં રહેશે.

ડેલિગેટ્સને યોગ્ય માર્ગદર્શન અને મદદ આપવા માટે અમદાવાદ એરપોર્ટ અને વિવિધ રેલવે સ્ટેશનો પર કુલ ૧૦ હેલ્પ ડેસ્ક સ્થાપિત કરાયા છે. દરેક હેલ્પ ડેસ્ક પર NSUI અને યુથ કોંગ્રેસના હોદ્દેદાર ઉપસ્થિત રહેશે.ગુજરાત કોંગ્રેસના મહિલા પ્રમુખ ગીતાબેન પટેલ અને સાંસ્કૃતિક સમિતિના સદસ્યોના જણાવ્યા મુજબ, તમામ ડેલિગેટ્સનું ગુજરાતની પરંપરાગત શૈલીમાં ભવ્ય સ્વાગત કરવામાં આવશે. એરપોર્ટથી કાર્યક્રમ સ્થળ સુધીના માર્ગમાં ૧૪ સ્ટેજ પર જુદા જુદા નૃત્યો અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થશે.૮ એપ્રિલે ૬ અને ૯ એપ્રિલે ૮ સ્ટેજ પર વિવિધ વિસ્તારોના લોકનૃત્યો, દાંડીયા અને સંગીતમય કાર્યક્રમો દ્વારા ગુજરાતની સંસ્કૃતિને ઉજાગર કરાશે. ખાસ કરીને ૪૫ કલાકારો દાંડીયાની થીમ પર એરપોર્ટ પર ડેલિગેટ્સનું ભવ્ય સ્વાગત કરશે.

**કર્ણાટક કોંગ્રેસમાં**

મહત્ત્વકાંક્ષા સાથે જોડાયેલો છે. તેમનું આ પગલું પાર્ટીમાં પોતાની સ્થિતિને મજબૂત બનાવી રાખવા માટે છે. જો તે પદ છોડે છે તો પાર્ટીમાં તેમના પ્રભાવને નુકસાન પહોંચી શકે છે. સિદ્ધારમૈયાથી નજીકના મંત્રીઓના એક સમૂહ દ્વારા શિવકુમારને હટાવવાની મુહિમ 'એક વ્યક્તિ, એક પદ' ના સિદ્ધાંત પર આધારિત હતી. જોકે, આ અભિયાન એક રાજકીય કૌભાંડ બાદ કમજોર પડી ગયું. કૉપરેશન મંત્રી કે.એન રાજન્ના દ્વારા એક કથિત હનીટ્રેપ મામલે પોતાની સંડોવણી સ્વીકાર્યા બાદ આ મુહિમ પર અસ્થાયી રૂપે વિરામ લાગી ગયો હતો. ડી. કે શિવકુમારે આંતરિક વિરોધ છતાં સ્પષ્ટ કર્યું કે, નેતૃત્વની ભૂમિકાઓ કમાવાની હોય છે. તેમણે કહ્યું કે, 'KPCC નું પદ દુકાનમાં નથી મળતું, ન મીડિયા સાથે વાતચીત કરવાથી મેળવી શકાય છે.'



મુંદરા તથા ગાંધીધામના પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરીએ આજ રોજ પક્ષના સ્થાપના દિવસે પોતાના નિવાસસ્થાને ધ્વજ લહેરાવ્યો હતો.

## આદિપુર ચારણ પંચાયતના હોદ્દેદારો વરાયા






ગાંધીધામ : જોડિયા શહેર આદિપુરના રામદેવપીર દાદાના મંદિરમાં ચારણ (ચારણીયા) સમાજની સામાન્ય સભા મળી હતી. આ બેઠકમાં સર્વાનુમત્તે આદિપુર ચારણ (ચારણીયા) સમાજની કારોબારી સમિતિની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે નરસિંહભાઈ અરજણભાઈ હિરાણી, ઉપપ્રમુખ તરીકે રામજીભાઈ ચારણ, મહામંત્રી તરીકે મનુભાઈ ભાટીયા, ખજાનચી તરીકે ખોડાભાઈ અને સલાહકાર સમિતિમાં વિનોદભાઈ નારણભાઈ ધરડા, છગનભાઈ કાકુભાઈ ધરડા, રમેશભાઈ કાનજીભાઈ મકવાણા, મોહનભાઈ કરમશીભાઈ ધરડાની વરણી કરવામાં આવી હતી.



કર્તવ્ય ટીમ ગાંધીધામ દ્વારા શિવાજી પાર્ક ગાંધીધામ મધ્યે સ્થાપિત શિવાજી મહારાજની પ્રતિમાને ફુલહાર, જળાભિષેક કરી નમન કરાયું હતું,સામાજિક અગ્રણી તેજાભાઈ કાનગડ અને કર્તવ્ય ટીમ ગાંધીધામના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.



મૂળ બનાસકાંઠાના ગૌભક્ત પરિવાર છેલ્લા દસ વર્ષથી કામધેનુ ગૌશાળા ટ્રસ્ટથી જોડાયેલ તન મન ધનથી ગૌ સેવા કરનાર ડોક્ટર મહેશભાઈ જોશી પરિવાર તરફથી ૫૧,૦૦૦નું દાન કામધેનુ ગૌશાળા ટ્રસ્ટને અર્પણ કરવામાં આવ્યું હતું.



કામધેનુ ગૌસેવા ટ્રસ્ટ આદિપુરને બાબા રામદેવ રખ સમાજ સેવા મંડળ ટ્રસ્ટ ગાંધીધામ તરફથી ૧૧૦૦૦/નું દાન ભક્તો તરફ થી આપવામાં આવ્યું હતું,સર્વે ભક્તોનું દાતાઓનું આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ભચાઉમાં મહિલા હોમગાર્ડની ભરતી કરવા માંગ કરાઈ

ભચાઉ : મહિલા સશક્તિકરણને ધ્યાને લઈ પૂર્વ કચ્છ હોમગાર્ડ દળ ગાંધીધામ જિલ્લામાં મહિલાઓની ભરતી કરવા મહિલા આટ્ર્સ કોલેજ ઓફ ભચાઉના ઈલાબેન જી. શાહે પૂર્વ કચ્છ એસપીને લેખિતમાં રજૂઆત કરી છે.

રજૂઆતમાં જણાવ્યું છે કે, પૂર્વ કચ્છમાં ગાંધીધામ જિલ્લો સૌથી મોટો જિલ્લો છે, તેમાં આવેલા ભચાઉ સહિત અનેક પોલીસ સ્ટેશનોમાં કાયદો-વ્યવસ્થા જાળવવા માટે હોમગાર્ડની જરૂર પડે છે ત્યારે ભચાઉ તાલુકામાં હોમગાર્ડમાં મહિલાઓની ભરતી થતી નથી અને ઘણા સમયથી માંગણી છે અને હોગાર્ડના સભ્યો ફરજ બજાવે છે તે ઓછા છે. તેમાં મહિલાઓની ભરતી આવશ્યક છે. માટે મહિલા સશક્તિકરણમાં હોમગાર્ડમાં મહિલાઓની ભરતી કરવામાં આવે તેવી માંગ કરી છે.

## રામનવમી નિમિતે ગૌમાતાને નિરણ



રામનવમીના પાવન પર્વ નિમિતે ભુજ તાલુકાના માધાપર ખાતે તેરા તુજકો અર્પણ ટ્રસ્ટ અને વિવિધ દાતાઓના સૌજન્યથી ગૌમાતાને ઘાસનું નિરણ અપાયું હતું. આ પ્રસંગે કચ્છ મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, હિંમતસિંહ વસણ, રવજી ખેતાણી, નરેન્દ્ર પ્રજાપતિ, હિતેશ ખંડોલ, ભીમજીભાઈ જોધાણી, હિતેશ પ્રભુદાસ સોની, દિનેશ ઠક્કર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.



શ્રી કામધેનું ગૌશાળા ટ્રસ્ટ આદિપુર આહિર સમાજના ગૌભક્ત કાયમી દાતા વાઘજીભાઈ ભચુભાઈ છાંગા (આહીર) આલાભાઈ ભચુભાઈ છાંગા (આહીર) ગામ ધાણેટી તરફ થી ૫૧૦૦૦/-' ગોદાન કરીને કામધેનું ગો માતાનાં અમોઘ આશીર્વાદ મેળવ્યા હતા.



જીયાન્સ શામજીભાઈ આહિર ગોકુળગામ કચ્છ,ના જન્મદિવસ પ્રસંગે કામધેનુ ગૌસેવા ટ્રસ્ટની ૨૧૦૦૦નું દાન આપવામાં આવ્યું હતું, મનોજભાઈ અસરાની ચેક સ્વીકાર કર્યો હતો, દાતા પરિવાર નું આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



મહાદેવ નગર સોસાયટી અંજાર મહિલા મંડળના ગૌભક્ત બહેનો તરફથી કામધેનુ ગૌસેવા ટ્રસ્ટને ૬૦૧૦૬/નું દાન આપવામાં આવ્યું, હસ્તે હેમલતાબેન ગોસાઈ,સર્વે ગૌભક્તો દાતાઓનું ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# અંજારની ઐતિહાસિક સૂમરા વાલી મસ્જિદ ખાતે પીર સૈયદ ફરહાન અલી જાફરશા બાપુએ ઈદ ઉલ ફિત્રની નમાઝ અદા કરાવી





અંજાર : કચ્છ તા ૩૧/૦૩/૨૦૨૫ સોમવાર ના રોજ અંજાર મધ્યે ઈદ ઉલ ફિત્રની હર્ષો ઉલ્લાસ થી ઉજવણી કરાઈ હતી શહેરના મુસ્લિમો એ ઈદગાહ તેમજ મસ્જિદોમાં ઈદની નમાઝ અદા કરી હતી. અંજાર - શહેરની ઐતિહાસિક સુમરા વાલી મસ્જિદ ખાતે મુસ્લિમ ધર્મ ગુરુ પીર સૈયદ ફરહાન અલી જાફરશા એ ઈદની નમાઝ અદા કરાવી હતી. અનવરશા બાપુએખુતબાનાબયાનમાંસંદેશો આપતા જણાવ્યું હતું કે મુસલમાનો માટે આ ખુશી નો દિવસ છે. રમઝાન માસ દરમિયાન કરેલ નમાઝ, રોઝા, તીલાવતે, કુરૂઆન, તરાવી નમાઝ, તેમજ અન્ય નફલી ઈબાદતથી અલ્લાહને રાજી કરવા દરેક મોમિનોની કોસિસો બાદ આજ ઈદનો મુબારક અવસર નસીબ થયો છે જેમાં આપણે માનવતા અને ભલાઈના હકક અદા કરિએ. વિશેષમાં જણાવ્યું હતું કે અલ્લાહે આપણને સારા અને ખરાબ વચ્ચેના તફાવત માટે શાણપણ (સમજ) આપ્યું છે. સફળતા તે લોકોને મળશે જેણે તેમના આત્માને શુદ્ધ અને વિસ્તૃત બનાવ્યા છે. જેણે પોતાના સંકુચિત રાખી અંત કરણનો અવાજ દબાવ્યો, તેવા લોકોને નિષ્ફળતા સિવાય તેના ભાગમાં કશું આવવાનું નથી. 'પ્રતિકૂળ સંજોગોમાં પણ આશા ગુમાવશો નહીં અને ઉદાસીન ન થાઓ. આ વિશ્વ તમારું આરામ સ્થાન નથી, તે એક (પરીક્ષણ) ઈબાદાત તેમજ અલ્લાહની મખલુક માટે રહેમદિલી, ભલાઈ ખિઝમતો નુ સ્થળ છે. 'દયા એ વિશ્વાસની નિશાની છે. જેમાં દયા ન હોય. તે ઈન્સાન ન હોઈ શકે જે લોકો બીજા પ્રત્યે દયા કરે છે તેમને પણ અલ્લાહ મદદ કરે છે. 'જેણે નિર્દોષ વ્યક્તિની હત્યા કરી , જાણે તેમણે આખી માનવતાને મારી નાખી. જેણે નિર્દોષ વ્યક્તિનો જીવ બચાવ્યા તેણે આખી માનવતાની જાન બચાવી. 'જ્યાં સુધી તમે ઈમાનમા દાખલ ન થાઓ ત્યાં સુધી તમે જન્નત માં પ્રવેશ કરી શકશો નહીં અને જ્યાં સુધી તમે ઈબાદતની સાથે અલ્લાહની મખલુક સાથે , પ્રેમ, સહાનુભૂતિ, અને ખિઝમત , ભલાઈ નહીં કરો ત્યાં સુધી શ્રદ્ધા પૂર્ણ નહીં થાય.' અલ્લાહએ કુરૂઆન અને હદીસો દ્વારા તમારા દરેક માટે કાયદા બનાવ્યા છે અને તેનો અમલ કેવી રીતે કરવો એ આપણને સમજાવ્યું છે. અલ્લાહ આપણે સૌને સમાન સમુદાય બનાવી શકે છે, પરંતુ તે જોવા માંગે છે કે તમે જુદા જુદા મતથી કેવી રીતે જીવી શકો. તેથી તમે સારા કાર્ય કરવામાં એકબીજા સાથે સ્પર્ધા કરો એજ સૌથી શ્રેષ્ઠ માર્ગ છે. પવિત્ર કુરૂઆન ના ઉપરોક્ત સંદેશાઓ સાથે, ભારત દેશની આન બાન અને સાન સલામત રહે તેમજ પ્રેમ ભાવ અને ભાઈ ચારો સલામત રહે એવી દુવા કરવામાં આવી હતી સમગ્ર દેશવાસીઓને પીર સૈયદ હાજી અનવરશા બાપુ એ ઈદ ઉલ ફિત્ર (રમજાન ઈદ)ની મુબારકબાદ પાઠવી હતી.

# વાંઢાય ખાતે ઓધવરામજી મહારાજનો જન્મોત્સવ ઉજવાયો



**ઈશ્વર આશ્રમની સંત પરંપરા અનુસાર પાદુકા પૂજન, મહાઆરતી સહિતના કાર્યક્રમો યોજાયા : વાજતે ગાજતે નિકળેલી શોભાયાત્રામાં ગુરૂપ્રેમીઓ જોડાયા : વિશાળ ધર્મસભાને સંતો - મહંતોએ કર્યુ સંબોધન**

ભુજ : જેમના અવતરણથી કચ્છની ધરા ધન્ય બની એવા તેજોમય પરમબ્રહ્મ અને ઈશ્વર આશ્રમ વાંઢાયની ગુરૂગાદી પરંપરાને ઉજાગર કરનાર બ્રહ્મલીન પૂ. ઓધવરામજી મહારાજનો ૧૩૬મો જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. આજે વાંઢાયના ઈશ્વર આશ્રમ ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને સંતસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે વહેલી સવારે ગામ મદનપુરાના દાતાશ્રીના હસ્તે ગુરૂ પાદુકાનું પૂજન કરાયું હતું, ત્યારબાદ મંદિરે મહાઆરતી કરવામાં આવી હતી. સંત પરંપરા અનુસાર વાજતે ગાજતે ભવ્ય નગરયાત્રા નિકળી હતી. પૂ. ઓધવરામજી મહારાજની પ્રતિમા સાથે બોટાદના ભજનાનંદી આશ્રમના મહંત પૂ. આત્મનંદજી મહારાજ અને ઈશ્વર આશ્રમના મહંત પૂ. મોહનદાસજી મહારાજ રથમાં બિરાજમાન થયા હતા. આ નગરયાત્રા ઈશ્વર આશ્રમથી થઈ ઉમિયા માતાજીના મંદિર, રામ મંદિર, વાલદાસજી મહારાજ, સાધના કુટીર થઈ પસાર થઈ હતી. ત્યારબાદ ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશાળ ધર્મસભાને પૂ. આત્મનંદજી મહારાજ અને પૂ. મોહનદાસજી મહારાજે સંબોધન કર્યું હતું. પૂ. ઓધવરામજી મહારાજના ૧૩૬મા જન્મોત્સવ અને રામનવમીની ઉજવણીમાં દેશ - દેશાવરથી ઓધવપ્રેમીઓ ઉમટયા હતા. વાંઢાયનું ઈશ્વર આશ્રમ ભગવાન ઓધવરામજી મહારાજના જયઘોષથી ગાજી ઉઠ્યું હતું.

## જખૌમાં પૂ. ઓધવરામજી મહારાજનો પ્રાગટ્ય મહોત્સવ








આજરોજ અબડાસા તાલુકાના જખૌ ખાતે પૂ. ઓધવરામજી મહારાજનો ૧૩૬ મો પ્રાગટ્ય દિવસ ભક્તિભાવ સાથે ઉજવાયો હતો. પ્રારંભે ઓધવ આશિષ રથનું ભવ્ય સ્વાગત કરાયા બાદ ઓધવરામ મંદિરેથી ભવ્ય શોભાયાત્રા વાજતેગાજતે નીકળી હતી. ગામના મુખ્ય માર્ગો પર શોભાયાત્રાએ આકર્ષણ જમાવ્યું હતું. બહોળી સંખ્યામાં ઉમટેલા ઓધવભક્તોએ હંગામી ઊભા કરાયેલા મંદિરે શીશ નમાવી ધન્યતા અનુભવી હતી.

# ભુજમાં રામ જન્મોત્સવની ભક્તિભાવભેર ઉજવણી

**શહેરના રઘુનાથજી મંદિરેથી વાજતેગાજતે નીકળી ભવ્ય શોભાયાત્રાઃ વિવિધ મંદિરોમાં રામનવમી નિમિત્તે મહાઆરતી સહિતના કાર્યક્રમો યોજાયા : ગાયત્રી મંદિરે હવન સહિતના કાર્યક્રમો સાથે ઉજવણી**









ભુજ : મર્યાદા પુરૂસોત્તમ ભગવાન રામનો જન્મોત્સવ જિલ્લામથક ભુજ અને આસપાસના ગામોમાં ભક્તિભાવ સાથે ઉજવાયો હતો. રામનવમી નિમિત્તે શહેરના વિવિધ મંદિરો પર મહાઆરતી સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. શોભાયાત્રા, હવન, મહાઆરતી, અનાહત ધ્યાન, ભજન સ્પર્ધા સહિતના કાર્યક્રમોમાં રામભક્તો જોડાયા હતા.

ભુજના પૌરાણિક રઘુનાથજી મંદિરમાં રામનવમી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. વાર્ષિક પરંપરા અનુસાર આજે મંદિર પરિસરથી ભવ્ય શોભાયાત્રા (રવાડી) વાજતે ગાજતે નીકળી હતી.

શોભાયાત્રા પૂર્વે વહેલી પરોઢે રઘુનાથજીની મંગળાઆરતી, ગોવિંદજી માધવજી ઠક્કર પરિવાર દ્વારા શ્રીરામનું પૂજન કરાયું હતું. શહેરના મુખ્ય માર્ગો પર શોભાયાત્રા આકર્ષણ જમાવ્યું હતું. ભગવાન શ્રીરામના જયઘોષ સાથે શહેર ગાજી ઉઠ્યું હતું. રઘુનાથજી મંદિરથી નાગર ચકલા, તળાવ શેરી, છઠ્ઠીબારી, મહાદેવ ગેટ, ઉપલીપાળ થઈ શોભાયાત્રા રઘુનાથજી મંદિરે પહોંચી હતી. રઘુનાથજી જીનામ સેવા ટ્રસ્ટના પ્રમુખ પ્રવિણભાઈ પૂજારા, વિશ્વ હિન્દુ પરિષદના જયેશ કોઠારી, રઘુનાથ મંદિરના પૂજારી હરેશ વ્યાસના માર્ગદર્શન હેઠળ રામભક્તોએ આયોજન અને વ્યવસ્થાનું સંચાલન કર્યું હતું.

ભુજના ઓમ સંસ્કાર ધામ ખાતે ધૂન અને આરતી બાદ બપોરે ૧૨ કલાકે ભાવિકોની વિશાળ ઉપસ્થિતિમાં રામ જન્મોત્સવ ઉજવાયો હતો.

ભુજ સમીપે માધાપરના આર્ષ અધ્યન કેન્દ્ર ખાતે રામનવમીના પવિત્ર દિવસ નિમિત્તે સ્વામી પ્રદીપ્તાનંદજીના માર્ગદર્શન હેઠળ અનાહત ધ્યાન સાધનાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભુજના ગાયત્રી મંદિર ખાતે પણ રામનવમી અને નવરાત્રિની પૂર્ણાહૂતિ નિમિત્તે ગાયત્રી યજ્ઞ (હવન) નું આયોજન કરાયું હતું. જેમાં બહોળી સંખ્યામાં ભાવિકભક્તો જોડાયા હતા.

# સુપ્રસિધ્ધ યાત્રાધામ રવેચી અને મોમાય માતાજીના મંદિરે ચૈત્રી આઠમ નિમિત્તે માનવ મહેરામણ ઉમટયું



રાપર : આજે મર્યાદા પુરૂષોત્તમ ભગવાન રામના જન્મોત્સવ દિવસ અને ચૈત્રી નવરાત્રિ ના પાવન પર્વ નિમિત્તે વાગડ વિસ્તારના રાપર તાલુકામાં આવેલ પૌરાણિક યાત્રાધામ રવેચી માતાજીની આઠમ નિમિત્તે તથા આડેસર નજીક આવેલા સુપ્રસિધ્ધ યાત્રાધામ મોમાય માતાજીના મંદિરે ભાવિકો ઉમટી પડ્યા હતા.

અનેક સ્થળોએ પદયાત્રીઓ માટે સેવા કેમ્પનુ આયોજન ભાવિકો દ્વારા કરવામાં આવેલ હતું. તો ભુજ, મુન્દ્રા, રાપર, અંજાર, ભચાઉ, ખડીર, આડેસર, રામવાવ સહિતના વિસ્તારમાંથી પદયાત્રીઓ દર્શન કરવા માટે આવ્યા હતા. ચૈત્રી નવરાત્રિની આઠમ નિમિત્તે રવેચી મંદિર ખાતે હવન, મહાપ્રસાદ, ધુન, આરતી સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉમેશભાઈ સોની, ભિખુભા સોઢા, મેહુલભાઈ જોશી, મનુભાઈ રાજગોર, ગોડજી ભટ્ટી, રાજુભા જાડેજા, વિનુભાઈ થાનકી, નિલેશ માલી, અવિનાશ પ્રજાપતિ સહિતના આગેવાનો ઉપરાંત મુંબઈ, પુના, સુરત, વલસાડ, અમદાવાદ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છભરમાંથી દર્શન કરવા માટે ભાવિકો ઉમટી પડ્યા હતા. રવેચી માતાજીના મંદિરે તથા મોમાય મોરા મંદિર ખાતે યાત્રીઓ માટે મંદિર ટ્રસ્ટ તથા સેવાભાવીઓ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી.

# રાજ્ય સરકાર દ્વારા ખડૂતો પાસેથી લઘુતમ ટેકાના ભાવે ઘઉંની સીધી ખરીદી કરાશે

ભુજ : ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬માં રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે ઘઉં રૂ.૨૪૨૫ પ્રતિ ક્વી. તેમજ બાજરી રૂ.૨૬૨૫ +૩૦૦ પ્રતિ ક્વી. બોનસનાભાવથી ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી. મારફતે કરવામાં આવનાર છે. લઘુતમ ટેકાના ભાવે ઘઉં, મકાઈ, બાજરી, જુવાર અને રાગીના વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ વીસીઈ મારફતે બાજરી વેચાણ માટે રજીસ્ટ્રેશન ૧/૪ થી ૩૦/૪ સુધી કરવામાં આવશે તેમજ ખરીદી તા.૧/૫ થી ૧૫/૭ સુધી કરવામાં આવશે. ઘઉંની રજીસ્ટ્રેશન તા.૩૧-૫ સુધી લંબાવવામાં આવી છે. નોંધણી માટે આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો, ૭/૧૨ ,૮/અ તેમજ પાકની વાવણી અંગેની એન્ટ્રી ૭/૧૨ કે ૮/અ માં ન થઈ હોય તો તલાટીના સહી સિક્કા વાળો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત, બેંક પાસબૂકની ઝેરોક્ષ નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને એસએમએસ મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ - ઓળખ પત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદાર બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે જેની નોંધ લેવા જણાવાયું છે. ડોક્યુમેન્ટની ચકાસણી દરમ્યાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તેવા કિસ્સામાં આપનો ક્રમ રદ થશે અને ખરીદી માટે આપને જાણ નહી કરવામાં આવે તેની ખેડૂત મિત્રોએ નોંધ લેવી. નોંધણી બાબતે કોઈ મુશકેલી જણાયતો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

# શ્રી રામનો સંદેશ એ જ શાંતાબેનનું જીવન હતું

**મોટા અંગીયા રામ મંદિરના પૂજારી શાન્તાબેન રાજગોરની પ્રાર્થનાસભા યોજાઈ : ધારાસભ્ય પી.એમ. જાડેજા, સંત દિલીપ દાદા સહિત રાજકીય, સામાજિક, ધાર્મિક ક્ષેત્રના અગ્રણીઓએ ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ પાઠવી**



નખત્રાણા : મોટા અંગિયા રામ મંદિરના પૂજારી અને કચ્છ ઉદય નખત્રાણાના પત્રકાર વિનયકાંત ગોરના માતા શાન્તાબેન રાજગોરની જૈન સમાજવાડી ખાતે યોજાયેલી પ્રાર્થનાસભામાં મોરઝરના મહંત દિલીપ રાજા કાપડી, ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાએ શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે, સીતેર વર્ષથી રામ મંદિરની પૂજાર કરતા શાન્તાબેનનું જીવન જ શ્રીરામનો સંદેશ હતો. આ દુઃખદ પ્રસંગે અઢારે આલમના અગ્રણીઓ ઉપસ્થિત રહી શાન્તાબેનને શ્રદ્ધાંજલી આપી હતી. વેપારીઓ પોતાના કામકાજ બંધ રાખી અંજલી આપી હતી.

આ ટાંકણે ભરતભાઈ સોની, કાનજી કાપડી, પ્રાણજીવન ભગત, ચંદનસિંહ રાઠોડ, રામુભા જાડેજા, દિલીપભાઈ નરસીંગાણી, જયસુખભાઈ પટેલ, રવિ નામોરી, અશ્વિન રૂપારેલ, રાજેશભાઈ પલણ, ભરતભાઈ વાઘેલા, ધર્મેન્દ્રગિરિ ગોસ્વામી, વિપુલ ગોર, કેતનભાઈ શાહ, હિરેન વ્યાસ, હરદેવસિંહ જાડેજા, ઈકબાલ ઘાંચી, રમેશ ગરવા, પૂર્વ ટીડીઓ શૈલેષભાઈ રાઠોડ, ગિરીશ ગોર, હિંમત રાજગોર, પીંજારા ઈસ્માઈલ, હુસેન ખલીફા, રાજેશ ગોર, નરસિંહ વાઘેલા, દિનેશ વાઘેલા, મનીષ મહેશ્વરી, તુષાર ગોસ્વામી, મહેન્દ્રસિંહ ઝાલા, જુવાનસિંહ જાડેજા, જયેન્દ્રસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ જાડેજા, પ્રેમજી દાફડા, પરસોત્તમ વાસાણી, પરેશ પલણ, વિરલ ભટ્ટ, રાજેશ ગઢવી, લોક સાહિત્યકાર યોગેશ ગઢવી, દાઉદ લંગા, સતુભા જાડેજા, રમેશ લાચા, પરેશ સાધુ, ચંપક રાવલ, કિરણ જેપાર, કેતન સોની, મનીષ દરજી, દામજી દરજી, મનસુખ શાહ, રાજેશ શાહ, પરેશ શાહ, જયેશ સોની, નિમેષ અબોટી, ઘનશ્યામ ગરવા, રાજેશ સોનપાર, યોગેશ મોતા, કેવલ શેઠ, ઈલિયાસ પિંજારા, પુનીત વ્યાસ, દિપક મોતા, નરેશભાઈ, અરવિંદ સોમૈયા, ઉમર ખત્રી, રીતેશ આઈયા, સુરૂભા જાડેજા, ખુશાલ ગોર, ભચા રબારી, અનિલ રાજગોર સહિત અઢારે આલમના ધાર્મિક, રાજકીય, સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહી શાન્તાબેનને શ્રદ્ધાસૂમન અર્પણ કર્યા હતા.

# દેવી ભાગવત પ્રસંગે ઉલટ ગામ મટી દેવોનું ધામ બન્યું





નખત્રાણા : ઉલટ ગામે શ્રી વાંકોલ માતાજીના સાનિધ્યમાં ઉલટ તથા સમસ્ત સેવા સમિતિના આયોજન હેઠળ ચાલતી શ્રીમદ દેવી ભાગવત કથામાં વિવિધ પ્રસંગો હર્ષોલાશ સાથે ઉજવાઈ રહ્યા છે તેમજ આ કથાનો લાભ સમગ્ર કચ્છ, સૌરાષ્ટ્ર, દ્વારિકાથી માતાજીના સેવકો કથા શ્રવણ કરવા પધારી રહ્યા છે. કથાના પ્રસંગોમાં આવતા કૃષ્ણ જન્મ શિવ વિવાહ નવદુર્ગા પ્રાગટ્ય દેવી પ્રાગટ્ય સહિતના પ્રસંગોમાં રબારી સમાજની ભાતીગળ સંસ્કૃતિ એ આકર્ષણ જમાવ્યું હતું. ઉલટ ગામ મટી દેવોનું ધામ બન્યું હતું. કથા રબારી સમાજની ઐતિહાસિક એવી પ્રથમ કથા બની રહેશે એવું સમાજના પ્રમુખ ખેંગારભાઈ રબારીએ કહ્યું હતું. વક્તાશાસ્ત્રી જગદીશભાઈ મહારાજે સંગીતમય શૈલીમાં વિવિધ પ્રસંગો વર્ણવ્યા હતા, જેમાં શિવ વિવાહ, કૃષ્ણ જન્મોત્સવ, દેવી પ્રાગટ્ય, નવદુર્ગા પ્રાગટ્ય, સૂંભ નિસુભ વધુ મહીષાસૂર વધુ સહિતના પ્રસંગોમાં રબારી સમાજના દીકરા દીકરીઓએ રબારી ભાતીગળ સંસ્કૃતિમાં વેશભૂષા કરી આકર્ષણ જમાવ્યું હતું. કૃષ્ણ, બલરામ, અર્જુન, કૃષ્ણની ઝાખી દર્શાવાઈ હતી. સતી પ્રાગટ્ય સહિતના પ્રસંગોમાં દેવત્વના દર્શન થયા હતા. વિવિધ પ્રસંગો શાસ્ત્રીએ વર્ણવી શ્રોતાગણોને મંત્રમુગ્ધ કર્યા હતા. પધારેલા પૂજ્ય રામ બાલકદાસ બાપુ દુધઈ વડવાળા મંદિરના મહંતે કહ્યું કે રબારી સમાજની એકતા અખંડિતતા બરકરાર છે. ભલે શિક્ષણ ઓછું છે પણ દેવો પ્રત્યેની શ્રદ્ધા અડગના કારણે વિવિધ પ્રસંગોમાં રબારી સમાજ એકઠો થઈ દેવત્વના દર્શન કરાવે છે. યુવાનોને વ્યસન મુક્ત બનવા જણાવ્યું હતું. મૂળાનાથ બાપુની જગ્યા દ્વારિકાથી પધારેલા બાલારામ બાપુએ વાકોલ માતાજીના ભુવાજી પન્ના ભોપાને સોનાની પાગ પહેરાવી બહુમાન કર્યું હતું. અખિલ કચ્છ માગપટ રબારી સમાજ યુવા સંગઠન દ્વારા રક્તદાન કેમ્પ કરી ભુવાજી પેના ભોપાનું રક્તતુલા કર્યું હતું, જેમાં ૨૮૦ રક્તદાતાઓએ ૯૦ કિલા રક્ત એકત્ર કર્યું હતું. બંને ટાઈમ પ્રસાદ, ગાયોને નીરણ કરવામાં આવી રહ્યો છે. કથામાં ખાનાયથી સેવા નાથજીબાપુ, શ્લોકનાથજી બાપુ, દિલીપદાદા કાપડી, દેવજી રાજા કાપડી ,હાજલ દાદા, જગજીવનદાસજી, વીરનાથબાપુ, હરીશગર દાદા, જેસા ભોપા, લાખા ભોપ, ધુલા ભોપા, કાયા ભોપા, સામત ભોપા, દેવશી ભોપા, પચાણ ભોપા, આશા ભોપા, જેમલભાઈ રબારી, માંડણભાઈ રબારી, રાજાભાઈ રબારી, લક્ષ્મણભાઈ રબારી, વેરશીભાઈ રબારી, સુરાભાઈ રબારી, હરિભાઈ રબારી, મમુભાઈ ગોપાલભાઈ રબારી, વેલજી કરમસી રબારી, રમેશભાઈ આહિર, સુરાભાઈ રબારી, કાનજી દાદા કાપડી, હીરા ભોપા, સોના ભોપા, રવાભાઈ આહીર, મંગલ વેલા રબારી, ખીમા આશા રબારી, આઈદાન ગઢવી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસ્થા વાંકોલ માતાજી સેવા સમિતિ, પાવરપટી, નખત્રાણા તાલુકાના ગામોના યુવાનો સંભાળી હતી. મહેમાનોનું સમિતિ દ્વારા મોમેન્ટો આપી સન્માન કરાયું. સંચાલન જેઠાભાઈ રબારી, કરણભાઈ રબારી તેમજ ગગુભાઈ રબારી દ્વારા કરવામાં આવ્યું છે.

# સુમરાસર શેખ ગામે પીવાના પાણીની સમસ્યા

ભુજ : તાલુકાના સુમરાસર શેખ ગામે કેટલાક ચોક્કસ વિસ્તારોમાં પીવાનું પાણી આવતું નથી. ઉનાળામાં પીવાના પાણીની જરૂરિયાત રહેતી હોય છે ત્યારે ઈન્દ્રાવાસ, ઢેબા ફળીયા તેમજ ગામના અન્ય વિસ્તારોમાં પણ ૧૦-૧૧ દિવસે પાણી મળે છે તે પણ ખુબ ધીમું આવે છે જેથી, સ્થાનિકોને મોંઘા ભાવે ટેક્ર મંગાવવાની ફરજ પડી રહી છે. સુમરાસર શેખ ગામમાં છેલ્લા ઘણા લાંબા સમયથી પાણી સમસ્યાના કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક આગેવાનો, સંબંધિત વિભાગના કર્મચારીઓ-અધિકારીઓને રજુઆત કરવા છતાં પાણી સમસ્યાનો કોઈ નક્કર ઉકેલ આવતો નથી. ગામમાં મોટા ભાગના પાણીનો જથ્થો નર્મદા દ્વારા મેળવવામાં આવી રહ્યું છે પરંતુ જેમ જેમ વસ્તીમાં વધારો થાય છે તેમ તેમ પાણીના જથ્થામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યું હતુ કે, ગામમાં રાત્રિ દરમિયાન ટાંકા ભરવામાં આવે છે અને તે ટાંકા મારફતે ટેક્રથી વાડી વિસ્તારમાં પાણી વિતરણ થાય છે તો ગામમાં પાણી વિતરણ કેમ કરાતું નથી? પાણીની સમસ્યાને લઈને મહિલા વર્ગમાં ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે. હાલમાં ઉનાળાના કપરા દિવસો ચાલી રહ્યા છે ત્યારે તાકિદે પીવાના પાણીની તાકિદે વ્યવસ્થા કરી નિયમિત વિતરણ કરાય તેવી માંગ છે. રમઝાન માસ પૂર્વે ગામમાં પાણીની સમસ્યા હોવા છતાં આગેવાનો આ સમસ્યાના ઉકેલ માટે આગળ આવતા ન હોવાનો પણ આક્ષેપ કર્યો છે.

## નિરોણા પોલીસે શંકાસ્પદ વીજતાર સાથે બોલેરો પકડી

ભુજ : નિરોણા પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે બિનવારસુ હાલતમાં બોલેરો મળી આવી હતી. જેમાં ૭૨ હજારના ૯૦૦ મીટર વીજતાર તેમજ વીજતાર કાપવાના કટર, આરી વગેરે મળી આવ્યા હતા. પોલીસે પાંચ લાખનો મુદ્દામાલ કબજે કરી શંકાસ્પદ તરીકે નોંધ તારવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અગનભટ્ઠીમાં ફેરવાયું કચ્છ : પ્રખર તાપથી લોકો ત્રાહીમામ

**સતત બીજા દિવસે કચ્છ દેશમાં સર્વાધિક ગરમઃ અંગ દઝાડતા આકરા તાપથી જનજીવન થયું પ્રભાવિત**



ભુજ : ચૈત્ર માસના પ્રારંભથી જ કચ્છ જિલ્લામાં ગરમીનો પ્રભાવ ઉતરોત્તર વધ્યો છે. શક્રવાર અને શનિવાર બન્ને દિવસોમાં કચ્છ જિલ્લો દેશમાં સૌથી ગરમ રહ્યો હતો. જિલ્લાના દરેક મથક પર મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર થઈ જતા તાપની આણ વર્તાઈ હતી.

શનિવારે પૂર્વે કચ્છના અંજાર અને ગાંધીધામમાં તાપમાન ૪૪ ડિગ્રીએ પહોંચતા પ્રખર ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા.

દિવસ ચડતા જ આકરા તાપની અનુભૂતિ થઈ હતી. મધ્યાહન સમયે બજારો અને માર્ગો પર લોકોની ચહલપહલ ઘટી હતી. પ્રખર ગરમીના કારણે કચ્છનું જનજીવન પ્રભાવિત થયું છે. અબોલ પશુ-પંખીઓ પણ તાપથી બચવા ઓથ શોધતા નજરે પડ્યા હતા.

હવામાન વિભાગે વધુ ચારથી પાંચ દિવસ કચ્છમાં ગરમીના આકરા મોજાની ચેતવણી આપી છે. બે દિવસ માટે કચ્છમાં ગરમીનું રેડ એલર્ટ જાહેર કરાયું છે. આગામી સપ્તાહ દરમિયાન પ્રખર ગરમીથી લોકોની કસોટી થશે.

# ભુજ નગરપાલિકાના ચાર કર્મચારીને છૂટા કરવાનો ઠરાવ મોકૂફ

**કર્મચારીઓ પ્રત્યેનો દ્વેષભાવપૂર્ણ વ્યવહાર સૂઓ-મોટો કલમ-૨૫૮ને પાત્ર હોવાથી ઠરાવની અમલવારી મોકૂફ રાખવા પ્રાદેશિક કમિશનરે આપી સૂચના**

ભુજ : શહેર સુધરાઈના ચાર કર્મીચારીને છૂટા કરવાનો ઠરાવ પ્રાદેશિક કમિશનરે મોકૂફ રાખવા સુધરાઈના મુખ્ય અધિકારીને લેખિત સૂચના આપી છે. શહેર સુધરાઈના ચાર કર્મીચારીને છૂટા કરવાનો મામલો ફરી લોકચર્ચાનો વિષય બન્યો છે. થોડા સમય પહેલા સુધરાઈના પ દાધિકારીઓ દ્વારા ચાર કર્મીઓને છૂટા કરવા ઠરાવ અલગ અલગ તારીખે કર્યો હતો અને તેને સામાન્ય સભામાં બહાલી અપ ાઈ હતી. પરંતુ આ ચાર પૈકીના મહિપાલસિંહ ઝાલાએ રાજકોટ ઝોન પ્રાદેશિક કમિશનરને રજુઆત કરી હતી.

નગરપાલિકા દ્વારા ફરજ મુક્ત કરાવા ઉપરાંત ભરતી માટેની પરીક્ષા મુલતવી રાખવા તથા કર્મચારીઓના પગાર ભથ્થા તેમજ ફરજ અંગેની તમામ જવાબદારી મુખ્ય અધિકારીને સોંપવા ઉપરાંત ફરજ મુક્ત કર્મીઓને સીધી ભરતી પ્રક્રિયામાં ભાગ ન લેવા બાબતે ઠરાવ પસાર કરાયો હતો. તમામ ઠરાવોને ધ્યાને લઈ પ્રાદેશિક કચેરીએ નગરપ ાલિકાઓનો આ કર્મચારીઓ પ્રત્યેનો દ્વેષભાવ પૂર્ણ વ્યવહાર પ્રાથમિક દૃષ્ટિએ 'સ્વયં સંજ્ઞાન' (સૂઓ-મોટો) કલમ-૨૫૮ને પ ાત્ર હોવાથી ઠરાવની અમલવારી મોકૂફ રાખવાની સૂચના સાથે આ મામલે તમામ ઠરાવોની અસલ ઠરાવ બુક સાત દિવસમાં રજૂ કરવા ભુજ સુધરાઈના ચીફ ઓફિસરને સૂચના આપી હતી.

## રામનવમીના મેળામાં ભક્તોનો મહેરામણ





ભુજ તાલુકાના વાંઢાયના પ્રસિદ્ધ રામમંદિર ખાતે આજે રામનવમીના પાવન અવસરે લોકમેળો ભરાયો હતો. દર વર્ષે ચૈત્ર સુદ નવમીના રામમંદિર ખાતે પરંપરાગત લોકમેળો ભરાય છે. આજે વહેલી સવારથી જ કચ્છભરમાંથી રામભક્તોનો મહેરામણ ઉમટ્યો હતો. રામમંદિરે મર્યાદા પુરૂષોત્તમના દર્શનનો લાભ લઈ લોકોએ મેળાનો આનંદ માણ્યો હતો. મેળામાં ખાણી-પીણી, મનોરંજન, રમકડા વગેરેના સ્ટોલ ગોઠવાયા હતા. મેળામાં પોલીસ જવાનો દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો.

**એચ.બી.વાઘેલા, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, રાપરની કોર્ટમાં**
કાભુંડા રોડ, રાપર-કચ્છ. જન્મ નોંધણી અરજી રજી. નં.૬૧/૨૦૨૫
**જાહેર નોટીસ**
શ્રી યાકુબ સુમાર કોરંગા, રહે.ચિત્રોડ, તા.રાપર-કચ્છ. ....અરજદાર
વિરૂધ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, ચિત્રોડ, તા.રાપર-કચ્છ. .... સામાવાળા
વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી યાકુબ સુમાર કોરંગા, રહે.ચિત્રોડ, તા.રાપર વાળા એ તા.૨૫/૦૩/૨૦૨૫ વાળી અરજીથી જણાવેલ છે કે તેમનો જન્મ મોજે-ચિત્રોડ, તા.રાપર-કચ્છ મુકામે તા.૨૧/૦૬/૧૯૯૧ના રોજ થયેલ છે, પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરચતુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજે ચિત્રોડ, તા.રાપર-કચ્છના વર્ષ ૧૯૯૧ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહુ જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં. ૬૧/૨૦૨૫ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થવાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઇસમો નોંધ લેશો.
તા. ૨૮/૦૩/૨૦૨૫
(એચ.બી.વાઘેલા)
મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રાપર-કચ્છ

**પ.પૂ. સંતશ્રી ઓધવરામજી બાપાની જન્મજયંતિ તથા રામનવમીના પાવન પર્વની સર્વે સેવકગણને અંતરની શુભકામના**
હરિ ૐ

હરિ ૐ
**સ્વ.મોહનલાલ ઉમરશી ભાનુશાલી સહ પરિવાર**
નિરોણા, હાલે માધાપર-કચ્છ.

# વિથોણ ગામમાં પાણીનું ચિત્ર ક્લિયર : સીમાડામાં ઘાસ ખલાસ



**આત્મ નિર્ભર ગામ ત્રણ ટાંકા દોઢ લાખ લિટરના પાણીથી છલોછલ ભરાય છે : સંત સરોવર ખાલીખમ ભાસે છે : સીમાડામાં હવાડા ભરાય છે : નર્મદાના નીર ગામ માટે ઝાંઝવાનીર મગફળીના પાક માટે પાણી અનુકુળ ન હોતા ધરતી પુત્રો અન્ય દાડમ સહિતની ખેતી તરફ વળ્યા**



નખત્રાણા : તાલુકાના પચરંગી વસ્તી ધરાવતો સંત ભૂમિ ખેતાબાપાના સ્થાનક જગ પ્રખ્યાત વિથોણ ગામે પાણીનો પોકાર નથી પણ સીમાડામાં ઘાસચારાના તળિયા દેખાયા છે. ગામના પૂર્વ સરપંચ રતિલાલ ખેતાણીએ ‘કચ્છ ઉદય’ સાથે વાત કરતા ગામના પાણી અને ઘાસચારા - ખેતીનો ચિતાર આપતા કહ્યું કે, વિથોણ ગામે માનવ વસ્તી ૮ હજાર છે. પશુધન નાના-મોટા પાંચ હજાર આસપાસ છે. ગામમાં ભૂતકાળમાં કાયાવાળા પાણી અને અપુરતા પાણીની ફરિયાદો હતી પરંતુ છેલ્લા ૧૦ વર્ષથી પાણીની રાડ બંધ થઈ ગઈ છે અને પાણી પણ હવે ચોખું મળે છે. ગામમાં ૫૦ હજાર લીટરના ત્રણ-ત્રણ ટાંકા ઊભા કરાયા છે. દેવપરના પહાડી વિસ્તારમાંથી પાણી ટાંકામાં હાઈસ્કૂલની સામે ટેલિફોન એક્સચેન્જ પાસે મોટું પાણીનો સ્ટોરેજ બનાવવામાં આવ્યો છે. આ ટાંકા પર ધક્કા મોટર લગાડીને પાણી ટાંકામાં ભરાય છે ત્યારથી સવારે ૫ વાગ્યે ગામને પાણી અપાય છે જે સાડા સાત વાગ્યા સુધી અપાય છે. ગામ પંચાયત પાણીનું આયોજન સંભાળે છે. સમિતિ દ્વારા પાણી અપાય છે. ઉનાળામાં પાણીની તકલીફ ઊભી ન થાય તે માટે ગ્રા.પં. સમિતિ દ્વારા આગોતરા આયોજન કરવામાં આવે છે.

આ ગામને નર્મદાના નીર અઠવાડિયામાં એક વખત મળે છે પણ અપુરતા ગામના વિવિધ વિસ્તારમાં પાણીના તળ ઊંડા છે ત્યાં ક્ષારનું પ્રમાણમાં વધુ છે. ગામના ભાગોળે પશ્ચિમ વિસ્તાર જ (ધ્રાગા) તરીકે પંકાય છે ત્યાં પાણી આરા છે, જ્યારે પૂર્વ-દક્ષિણ-ઉત્તરમાં પાણી નબળા છે. ખેડૂતો વાડી વિસ્તારમાં બોર છે. પણ અમુક વિસ્તારમાં પાણી નબળા હોતા મગફળીના પાકને અનુકુળ ન હોતા ધરતી પુત્રોએ હવે દાડમ તથા એરંડા, કપાસ જેવા પાકોની ખેતી પર વિશેષ ધ્યાન આપે છે અને મગફળીને છોડી અન્ય પાકો તરફ દોટ મૂકી છે. ડેમ-તળાવ નથી પણ સંત સરોવર જ્યાં હનુમાનજીની વિશાળ મૂર્તિ આવેલી છે ત્યાં સરોવર ખાલીખમ છે.

સરોવરમાં કાયમી પાણી ભરાય તે માટે સંત ખેતાબાપા સમિતિ તથા ગ્રા.પં.એ સરકાર પાસે અનેક વખત રજૂઆત કરી છે. આ સંત સરોવરને નર્મદાના પાણીથી ભરી આપે તો ગામની શોભા નિખરી ઉઠે. રહીવાત ઘાસચારા માટે તો પશુપાલકો મોટા ભાગના માલિકીના છે અને જીવદયા સમિતિ તથા ઢોરવાડા પાસે ફંડ પણ પુરતા પ્રમાણમાં છે. બાકી સીમાડામાં ઘાસના તળિયા દેખાયા છે. ઘાસચારા માટે સરકાર આયોજન કરે ઉપરાંત ગામમાં ૨૦થી ૨૫ મકાનોના કામ ચાલુ હોતા અમુક ઉંચાણવાળા વિસ્તારમાં પાણીની રાવ છે. આ માટે તેમણે ગ્રા.પં.ની સરપંચ વખતે આ ગામને પાણીનો મોટો વધુ એક ટાંકા તથા પાણી સ્ટોરેજ માટે વધુ ટાંકો ફાળવાય તો આ ગામના અમુક વિસ્તારમાં પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવે તેમ છે. તેમ વધુમાં તેમણે જણાવાયું હતું.

**પરિવારના ગૌરવને અઢળક અભિનંદન**



ઓલ ઈન્ડિયા બાર કાઉન્સિલની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી એડવોકેટની ડિગ્રી મેળવવા બદલ સમાજ તથા ગામનું ગૌરવ વધાર્યું છે તથા કાયદાકીય ક્ષેત્રે પ્રગતિ કરતા રહો તેવા લાખ...લાખ... અભિનંદન સહ મંગળમય શુભેચ્છા.

**શ્રી કિરણ તલકશી મહેશ્વરી**
(એડવોકેટશ્રી, ગુજરાત હાઈકોર્ટ)

::: શુભેચ્છક :::
**રિંકીતા કિરણ મહેશ્વરી** - પત્ની
ગામઃ રતાડીયા, તા. મુંદરા (કચ્છ)

# ચિરઈમાં લાકડાની કંપનીમાં ભીષણ આગ, ૭ ફાયર ફાઈટર કામે લાગ્યા

**૯ કલાકની ભારે જહેમત બાદ આગ બુઝાવાઈ : કરોડોની નુકશાનીનો અંદાજો : આગનું કારણ અકબંધ પરંતુ ઉપરાઉપરી બનેલી ઘટનાઓએ ચિંતા જગાવી**

ભુજ : એપ્રિલના આરંભે જ સૂર્યદેવ જાણે કોપાયમાન થયા હોય તેમ કચ્છમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. સિઝનના પ્રારંભે કચ્છ હીટવેવની ઝપેટમાં આવી ગયું અને દેશનો સર્વાધિક તાપ કચ્છમાં નોંધાઈ રહ્યો છે. આ વચ્ચે આગ લાગવાની ઘટનાઓમાં ઉછાળો આવ્યો છે.

તાજેતરમાં ગાંધીધામ નજીક શંકર ટીમ્બરમાં આગ લાગતા આસપાસના નાના એકમો પણ ઝપેટમાં આવી ગયા હતા. તે બાદ વાહનો તેમજ નાની મોટી જગ્યાઓએ આગના છમકલા બનતા આવ્યા છે ત્યારે ભચાઉના ચીરઈ ગામ નજીક આવેલી આકાશ વિનિયર્સ નામની લાકડાની કંપનીમાં આગનો બનાવ સામે આવ્યો હતો. ગઈકાલે રાત્રે બે વાગ્યાના અરસામાં આગ લાગી હતી. જેના પગલે ભચાઉ તેમજ ગાંધીધામ પાલિકાના ફાયર ફાઈટર ઉપરાંત ખાનગી કંપનીઓના ફાયર ફાઈટર આગ બુઝાવવા માટે આખી રાત દોડ્યા હતા. અંદાજે ૯ કલાક સુધી ફાયર ફાઈટરો દ્વારા સતત પાણીનો મારો ચલાવાયો તે બાદ સવારે ૧૧ વાગ્યે આગ કાબૂમાં આવી હતી. આગના પગલે કરોડો રૂપિયાની નુકશાનીનો અંદાજ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. આગને પગલે સ્થાનિકે ભય ફેલાયો હતો. આગ લાગવા પાછળનું કારણ સામે આવ્યું નથી. ઉપરા ઉપરી જિલ્લામાં આગ લાગવાની વધી રહેલી ઘટનાઓ ચિંતાજનક છે.

ઉલ્લેખનીય છે કે, કચ્છમાં ઉદ્યોગોની સંખ્યા વધારે છે અને અવાર-નવાર આગ લાગવાની ઘટના બને છે પરંતુ જોઈએ તેટલી ફાયર સુવિધા નથી. ગાંધીધામમાં ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર છે પરંતુ તે કામ આવતું નથી. સીએસઆર અંતર્ગત કંપનીઓ પાસેથી ફંડ મેળવી તાલુકા મથક અને મહત્ત્વના ગામોને ફાયર ફાઈટર અપાય તો ઈમરજન્સીની પરિસ્થિતિમાં ઉપયોગમાં આવી શકે તેમ છે.

**આકાશમાંથી વરસતા તાપ વચ્ચે પટ પણ સળગ્યો**



**કનૈયાબે ગામમાં ૪૫ લાખ એકરે ૨૦૦ એકર જમીન કંપનીને વેચાણથી જોઈએ છે**

ભુજ ભચાઉ હાઈવે પર સ્થિત કનૈયાબે ગામ આજે ઝડપથી ઉદ્યોગક્ષેત્ર તરીકે વિકસતું જઈ રહ્યું છે. તાજેતરમાં સર્વે નં.૩૩૪/પૈકી-૪ માં અંદરની સાઇડની જમીન ૨૭.૫૧ લાખ પ્રતિ એકર ભાવથી વેચાઈ છે. જ્યારે અંબિકા સ્ટીલ કંપનીએ અહીં ૪૩ લાખ પ્રતિ એકરના દરે જમીન ખરીદી છે. આમાંથી સ્પષ્ટ થાય છે કે કનૈયાબે ગામમાં રોડની અંદરની સાઇડની જમીન પણ હવે ઉંચા દરે વેચાઇ રહી છે. અને સરેરાશ ભાવ ૨૭.૫૧ લાખથી લઇને ૪૩ લાખ પ્રતિ એકર સુધી પહોંચી ચુક્યો છે. કનૈયાબે ગામ લગત રાપર, ખોખરા ગામના પણ અંદાજીત ૨૫ લાખ જેવા એકરના ભાવ થઇ ગયેલ છે. તેમજ શિ.યુ.બિલ્ટ રીન્યુએબલ એનર્જી કંપનીની લગોલગ અડીને આવેલી જમીન ખેડુતો ૭૫ લાખ પ્રતિ એકરે વેચાણ કરવા તૈયાર નથી. કનૈયાબે ગામના સર્વે નં.૩૦૦ થી ૩૫૦ વિસ્તારમાં અનેક અગ્રગણ્ય કંપની તેમજ રત્નમણી ગ્રુપને સંલગ્ન એક કંપની પણ આ જ એરીયામાં જમીન ખરીદી રહી છે. શિ.યુ.બેલ્ટ લઈને અંબીકા સ્ટીલ અને હવે એક દિગ્ગજ ઉદ્યોગસમૂહ અહીં જમીન સંપાદન કરી રહ્યો છે. એ પણ સર્વે નં.૩૦૦ થી ૪૦૦ વચ્ચેની જમીન ત્યારે એક સ્ટીલ કંપનીને કનૈયાબે ગામમાં સર્વે નંબરો ૩૩૦ થી ૩૫૦ વચ્ચે ૨૦૦ એકર જમીન એક જથ્થામાં ઉપલબ્ધ હોય તો ૪૫ લાખ પ્રતિ એકર સુધી કંપની કન્ટુર સર્વે અને સોઈલ ટેસ્ટના રીપોર્ટ અને કંપનીની શરતોને આધીન જમીન વેચાણથી જોઇએ છે.

E-mail: nilkanthdelhi8@gmail.com

ઝાયડસ હૉસ્પિટલ, અમદાવાદ દ્વારા
**ભુજમાં સ્વાદુપિંડ, આંતરડા અને લીવરના રોગોની ઓપીડી**

LNM LIONS HOSPITAL | zydus Hospitals

સ્વાદુપિંડ, આંતરડા અને લીવરના રોગોના નિષ્ણાંત
**ડૉ. અજય ચોક્સી**
MD, DM



**પેટ, આંતરડા અને લીવરના રોગના લક્ષણો**
• કમળો • લીવરના રોગો • લીવર સીરોસીસ • પેટમાં પાણી ભરાવુ • પેટમાં દુઃખાવો • સ્વાદુપિંડમાં સોજો અથવા ઈન્ફેક્શન (પેન્ક્રિયાટાઈટિસ) • ઝાડામાં અથવા ઉલ્ટીમાં પડતુ લોહી • લાંબા સમયથી ઝાડા • આંતરડા અને જઠરમાં ચાંદા • અલ્સરેટિવ કોલાઈટિસ • આંતરડાનો ટીબી

08-04-2025 (મંગળવાર) સવારે 08:00 થી 12:00


**LNM ગ્રુપ લાયન્સ હૉસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર**
રાવલવાડી રીલોકેશન સાઈટ, રઘુવંશી ચોકડી પાસે, **ભુજ**

**રજીસ્ટ્રેશન માટે સંપર્ક: 78744 01212**
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

**ઝાયડસ હૉસ્પિટલ રોડ,** એસ.જી. હાઈવે, થલતેજ, **અમદાવાદ - 54.** 079 6619 0300

*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.

સંસ્કૃતિ મંત્રાલય ભારત સરકાર | પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસ મંત્રાલય ભારત સરકાર | ગુજરાત સરકાર | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગુજરાત સરકાર | NEZCC | Gujarat



**પ્રસંગ દેવી રૂક્ષ્મણી અને શ્રી કૃષ્ણના વિવાહનો, ઉત્સવ બે સંસ્કૃતિઓના મિલનનો**

માધવપુર ઘેડ, દેવી રૂક્ષ્મણી અને શ્રી કૃષ્ણના દિવ્ય વિવાહની પાવન ભૂમિ, દર વર્ષે એકતા અને સંસ્કૃતિના સંગમ અને ઉજવણીથી ઝળહળી ઉઠે છે. દેવી રૂક્ષ્મણીનો ગુજરાતમાં પધારવાનો પ્રસંગ અને શુભ લગ્નના ભવ્ય અવસરનો લહાવો મેળવો, સાથે જ લોકગીતો અને પારંપરિક નૃત્યોનો આનંદ માણો. આવો, આ અલૌકિક સાંસ્કૃતિક ઉજવણીમાં સહભાગી બનીએ.

**"એક ભારત, શ્રેષ્ઠ ભારત" ભાવનાની ઉજવણી**


**માધવપુર મેળો, ૨૦૨૫**
1 થી 10 એપ્રિલ, 2025

**મુખ્ય આકર્ષણો**
- માધવપુર ખાતે, ઉત્તર-પૂર્વીય રાજ્યો અને ગુજરાતના 1600 કલાકારોની અવિસ્મરણીય પ્રસ્તુતિ
- ઉત્તર-પૂર્વીય રાજ્યોની હસ્તકળા અને વ્યંજનોના સ્ટોલ્સ
- સેન્ડ આર્ટની પ્રસ્તુતિ અને રમતગમત પ્રવૃત્તિઓ

**કાર્યક્રમની વિગતો**
- વરણાગી (ફુલેકું) તારીખ: 6/4/2025 થી 8/4/2025 રવિવાર થી મંગળવાર - રાત્રે 9:00 વાગે
- મામેરું અને વિવાહોત્સવ તારીખ: 9/4/2025 - (બુધવાર)
- દ્વારકા ખાતે રૂક્ષ્મણીજી અને ભગવાન શ્રી કૃષ્ણનું ભવ્ય સ્વાગત અને શોભાયાત્રા તારીખ: 10/4/2025 - (ગુરુવાર)

ઉદ્‌ઘાટક
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

ઉદ્‌ઘાટન
6 એપ્રિલ, 2025 સાંજે 6.00 વાગે
માધવપુર ઘેડ



**માધવપુર ઘેડનો મેળો**
6 થી 10 એપ્રિલ, 2025 સાંજે 6.00 વાગ્યાથી માધવપુર ઘેડ, જિલ્લો પોરબંદર, ગુજરાત
www.gujarattourism.com • Toll Free Number 1800 203 1111

વધુ માહિતી માટે QR સ્કૅન કરો